# ધાનેરામાં ફરીથી ખેડૂતો રસ્તા પર ઉતર્યા : ટ્રાફિક જામ

ધાનેરામાં ફરીથી ખેડૂતોએ મગફળી ખરીદીમાં


ટ્રાફિકમાં ખેડૂત બેભાન થતા ખેડૂતોમાં ભય

ચાલતા ભ્રસ્ટાચારને લઈ ચક્કાજામ કર્યું છે અને અનેક વાહનચાલકો ટ્રાફિકમાં અટવાયા છે તો બીજી તરફ ભારે ટ્રાફિક જામથી એક ખેડૂત પણ બેભાન થઈ જતા ખેડૂતને હોસ્પિટલ લઈ જવો પણ મુશ્કેલ બની ગયો છે. અત્યારે મગફળી ખરીદીને લઈ ખેડૂતોમાં અનેક નારાજગી જોવા મળી રહી છે અને ખેડૂતો આક્ષેપ પણ કરી રહ્યા છે ત્યારે હવે જો વાત કરવામાં આવે બનાસકાંઠા જિલ્લાના ધાનેરાની તો ધાનેરાના સામરવાડા ગામ નજીક પણ ટેકાના ભાવે મગફળી ખરીદવાનું ચાલુ છે ત્યારે ખેડૂતો છેલ્લા ૧૦ દિવસથી કડકડતી ઠંડી માં મગફળી વેચવા માટે બેઠા છે પરંતુ તેમને કોઈ જ જવાબ મળતો નથી અને મગફળી ખરીદી નું કામ ધીમી ગતિએ ચાલતું હોવાથી ખેડૂતો ને ભારે મુશ્કેલી નો કરવો પડી રહ્યો છે તો બીજી તરફ ખેડૂતો એ પોતાનો રોષ ઠાલવતા કેમેરા સામે જણાવ્યું હતું કે જે હજાર અને બે હજાર રૂપિયા આપે તેની મગફળી ઝડપથી તોલાઈ જાય છે અને જે પૈસા નથી આપતું તેને ભારે મુશ્કેલી વેઠવી પડે છે.

થોડા દિવસ પહેલા પણ ધાનેરા ના સામરવાડા ગામ નજીક ખેડૂતોએ ચક્કાજામ કર્યું હતું અને ભારે ટ્રાફિક સર્જાયું હતું તે બાદ આજે ફરીથી પણ ખેડૂતો રસ્તા ઉપર આવ્યા છે અને રસ્તા ઉપર કાંટા તેમજ પથ્થર મૂકી રસ્તો બ્લોક કર્યો છે ત્યારે આ ટ્રાફિક માં અનેક વાહન ચાલકો અટવાયા છે ત્યારે હવે તમે પણ સાંભળો કે કે ખેડૂતો શું કહે છે ખેડૂતો જણાવી રહ્યા છે કે અમારી વેદના સાંભળવા કોઈ તૈયાર જ નથી અને મગફળી



ખરીદી ના સ્થળ ઉપર કોઈ અધિકારી પણ હાજર જોવા મળતા નથી અને ફોન કરીએ તો પણ જવાબ આપતા નથી ત્યારે આજે ફરીથી ટ્રાફિક જામ કરાયું છે અને આ ટ્રાફકી જામ માં એક ખેડૂત બે ભાન થઈ ને ઢાળી પડતા ખેડૂત ને હોસ્પિટલ લઈ જવો પણ મુશ્કેલ બની ગયો છે ત્યારે હવે સરકાર જાગે અને ખેડૂતો ની વેદના સાંભળે તેવી લોકોની માંગ ઉઠવા પામી છે.

## પાલનપુરમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર સહિત ૧ ૨ શખ્સો જુગાર રમતા ઝડપાયા

પાલનપુરમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર સહિત ૧ ૨ શખ્સોને પોલીસે જુગાર રમતાં રંગેહાથ ઝડપી લેતાં ભારે ખળભળાટ મચી જવા લેતાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ શહેરના શિવ માર્કેટ હરિ ચેમ્બર્સના બીજા માળે આવેલા ભાજપના પૂર્વ કોર્પોરેટર અને ટીપી સમિતિના પૂર્વ ચેરમેન નરેશ પટેલ સહિત ૧ ૨ મોટા માથાઓને જુગાર રમતાં રંગે હાથ ઝડપી લેવાયા હતા.



પામ્યો હતો. પોલીસે તેમની પાસેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨.૬૮ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુરમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર સહિત ૧ ૨ શખ્સોને પોલીસે જુગાર રમતાં રંગેહાથ ઝડપી હિરાના કારખાનામાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પૂર્વ પોલીસમથકના પીઆઈ પી. એચ. વસાવાએ સ્ટાફના પીએસઆઈ જે. વી. ચૌધરી સહિત સ્ટાફ સાથે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં ગંજીપાનાથી હારજીતનો જુગાર રમાડતાં પાલનપુર નગરપાલિકાના જેમની પાસેથી પોલીસે પોલીસે તેમની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૬૨,૩૮૦ તેમજ રૂપિયા ૧,૦૬,૦૦૦ના મોબાઈલ ફોન નંગ નવ મળી કુલ રૂપિયા ૨,૬૮,૩૮૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પાલનપુરના એસ.ટી.બસ સ્ટેન્ડ વિસ્તારમાં ૯ દુકાનનાં તાળાં તૂટ્યા

પાલનપુરમાં ઠંડીના વધતા જતા પ્રભાવ વચ્ચે તસ્કરો ચમકારો બતાવી રહ્યા છે. ત્યારે શહેરના એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળના ભાગે આવેલી ૯ જેટલી દુકાનોના તાળાં તૂટ્યા હતા. જોકે, તસ્કરોને કઈ હાથ ન લાગતા દુકાનદારોએ હાશકારો અનુભવ્યો હતો.

પાલનપુરમાં તસ્કર ટોળકી સક્રિય થઈ છે. તસ્કરો ગત મોડી રાત્રે શહેરના એસ.ટી. બસ સ્ટેન્ડના પાછળના ભાગ માં ત્રાટકયા હતા. જેઓએ ૯ દુકાનોના તાળાં તોડ્યા હતા. જોકે, તસ્કરોનો ફેરો ફોગટ રહેતા વેપારીઓએ હાશકારો અનુભવ્યો હતો. આ અંગે દુકાનદારોએ પોલીસને જાણવાજોગ અરજી કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કુષ્કલના પાટિયા પાસે અકસ્માત

પાલનપુર તાલુકાના કુષ્કલ ગામના પાટિયા પાસે કાર અને ઈનોવા વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ૬ લોકો ઘાયલ થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પાલનપુર-ડીસા હાઈવે પર કુષ્કલ ગામ ના પાટિયા પાસે ઝેન કાર અને ઈકો વાન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૬ લોકો ઘાયલ થયા હતા. જેઓ ને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પાલનપુર ખાતે એક વિપ્ર વૃદ્ધાના બેસણામાં જઈ રહેલા ઈકો ચાલકને અકસ્માત નડ્યો હતો. કાર અને ઈકો વાન વચ્ચે થયેલા અકસ્માતમાં ૨ મહિલાઓ અને એક બાળક સહિત ૬ લોકો ઘાયલ થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## ડીસાની કાંટ લો કોલેજમાં લાલ બહાદુર શાસ્ત્રીને શ્રદ્ધાસુમન અર્પણ કરાયા

બનાસકાંઠાના ડીસા ખાતે કાર્યરત સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત કાંટ લો કોલેજ અને આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા દેશના પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલી કાર્યક્રમનું આયોજન કરાયું હતું.આ પ્રસંગે કાયદાના વિદ્યાર્થીઓને મહાનુભાવોના જીવન ચરિત્રમાંથી પોતાના ચારિત્ર્યનું ઘડતર કરી ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરવા કોલેજનાં પ્રિન્સિપાલ ડો. રાજુલબેન દેસાઈએ આહવાન કર્યું હતું.કાંટ લો કોલેજના વિદ્યાર્થીઓ મહેન્દ્રસિંહ, ભવ્ય અને વૈભવે લાલ બહાદુર શાસ્ત્રીના જીવન પરિચય અને તેમણે આપેલા 'જય જવાન જય કિસાન' ના સૂત્ર સાથે ભારતના બીજા વડાપ્રધાન તરીકે આગવી ઓળખ પ્રાપ્ત કરનાર લાલ બહાદુર શાસ્ત્રીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## કુંભારીયાની કાર્મેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલે સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામ કરતા પંચાયતે બીજી નોટિસ ફટકારી

અંબાજી નજીક આવેલા કુંભારીયા ગ્રામ પંચાયત પાસે સર્વે નંબર ૯૩ મા આવેલી ઇંગ્લીશ મિડિયમ કારમેલ સ્કુલ શાળાના સરપંચ અને તલાટી મંત્રી દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવાની નોટિસ ફટકારી હોવા છતા આ શાળાના સંચાલકોએ કામ બંધ કરેલ આવ્યા હતા, સર્વે નંબર ૧૨૭ મા મહેશ ઓટો ગેરેજએ કરેલ ગેરકાયદેસર દબાણ તંત્ર દૂર કરી શકતુ હોય તો આવુ જ નવુ ગેર



સંચાલકો સામે સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામ કરતા ,આ બાબતે કુંભારિયા ગ્રામ પંચાયત ના સરપંચ અને તલાટી દ્વારા આજ થી થોડા દિવસો અગાઉ નોટિસ ફટકારી હતી પરંતુ આ કારમેલ શાળા ના સંચાલકો દ્વારા સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામ ચાલુ રખાતા વિવાદ ઉભો થયો છે.

કુંભારિયા પંચાયતના નથી. આ શાળાના સંચાલકો ઊપર શિક્ષણ વિભાગ કાયદેસરની કાર્યવાહી કરી કડક પગલાં ભરવામાં આવે તેવી માંગ ઊભી થવા પામી છે, આજથી થોડા મહિનાઓ અગાઉ કુંભારિયાની સરકારી જમીનો ઉપર વર્ષોથી રહેતા ગરીબ પરિવારોના ઘર તોડવા આખી સરકારી મશીનરીનો ઉપયોગમાં લઈ પ્રાંત અધિકારી દ્વારા ગરીબોના દબાણ દૂર કરવામાં કાયદેસર દબાણ વહીવટી તંત્ર કેમ દૂર કરતુ નથી. આમ અંબાજીમા સ્થાનિક ગરીબ લોકોના સરકારી જમીન ઉપર કરવામાં આવેલા દબાણ તંત્ર તરફથી હટાવવામાં આવેછે પણ બહારથી અંબાજી આવી વસેલા શાળાના સંચાલકો સામે સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં તંત્ર તરફથી કોઈ પગલા ભરવામાં આવતા નથી.

## ઉત્તરાયણે વીજ દુર્ઘટનાઓ નિવારવા ડીસામાં વીજ તંત્ર દ્વારા જનજાગૃતિ રેલી

ડીસા, તા. ૧૧

બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુર ખાતે ઉજવાનાર રાજય કક્ષાના ધ્વજવંદન સમારોહના પગલે ગુરુવારે જિલ્લાભરમાં વિદ્યુત દિવસની ઉજવણી અંતર્ગત વીજ તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ખાસ કરીને પતંગપર્વ ઉત્તરાયણની દરમ્યાન પતંગ લૂંટવાની લ્હાયમાં કોઈ વીજ દુર્ઘટના ન સર્જાય તે માટે જનજાગૃતિ કેળવવાના આશયથી એક રેલીઓ યોજી હતી. ઉત્તરાયણ દરમ્યાન વીજ દુર્ઘટનાઓ ટાળવા અને પતંગ ચગાવતી વખતે જિંદગીનું મૂલ્ય સમજી પૂરતી તકેદારી રાખવાનો સંદેશ આપતા બેનર સાથે નગરના મુખ્ય માર્ગો પર ફરી પેમ્પ્લેટનું વિતરણ કરી જનજાગૃતિ કેળવવાનો પ્રયાસ કર્યો હતો.

## ડીસા શાકમાર્કેટમાં કર્મચારીઓ અને લારી ધારકો વચ્ચે બખેડો : પોલીસ પણ ભરાઈ પડી

બનાસકાંઠાના ડીસા શહેરમાં આવેલા વિ.જે.પટેલ શાકમાર્કેટમાં શાકભાજી વેચવા


તસવીર : કાંતિલાલ લોધા

આવતા લારી ધારકો અને શાકમાર્કેટના અધિકારીઓએ વચ્ચે અંદરોઅંદર તકરાર સર્જાતા તકરારને શાંત પાડવા પહોંચેલી પોલીસને પણ હુમલાનો ભોગ બનવાનો વારો આવ્યો હતો.

ડીસા શહેરમાં આવેલ વી.જે.પટેલ શાકમાર્કેટ આસપાસના તાલુકામાં સૌથી મોટું શાકમાર્કેટ માનવમાં આવે છે જેથી દૂર દૂરથી ખેડૂતો શાકભાજી વેચવા માટે ડીસા આવતા હોય છે. ખેડૂતો જે શાકભાજી વેચીને જાય છે તે શાકભાજી અહીના છૂટક વેપારીઓ ખરીદી બજારમાં વેચતા હોય છે..ત્યારે આજે સવારના સમયે ડીસા શાક માર્કેટમાં શાકભાજીની ખરીદી કરીને બહાર છૂટક વેચાણ માટે જઈ રહેલા લારી ધારકો પાસે માર્કેટ યાર્ડના ગેટમેન અને સિક્યોરિટી દ્વારા સેસની માંગણી કરાતાં લારી ધારકો તકરાર પર ઉતરી આવ્યા હતા.. લારી ધારકોએ આક્ષેપ કરતાં જણાવ્યુ હતું કે માર્કેટના ગેટમેન દ્વારા સેસની રકમ વધારે માંગવામાં આવી હતી અને વધારાની રકમ ન ચૂકવવામાં આવતા ગેટમેન દ્વારા હુમલો કરી લારીધારકને ઈજા પહોંચાડતા તેને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવાની ફરજ પડી હતી.. સાથે સાથે લારી ધારકોએ સેસ નાબૂદ કરવાની માંગ પણ કરી હતી.

ડીસાના શાક માર્કેટમાં આ તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા વેપારીઓ અને માર્કેટ યાર્ડના ગેટમેન અને સિક્યોરિટી ગાર્ડ આમને સામને આવી ગયા હતા અને મામલો વણસી ગયો હતો.. ત્યારે આ મામલા થાળે પાડવા પોલીસને જાણ કરતાં ઘટનાસ્થળે પહોંચેલી પોલીસને પણ લારીધારકોએ ઘેરી લીધી હતી અને મામલો શાંત પાડવા આવેલી પોલીસ પર પણ હુમલો કરી દેતા વાતાવરણ ધક્કે ચઢાવ્યા હતા.

આ સમગ્ર મામલો ઉગ્ર બની જતાં માર્કેટ યાર્ડના સંચાલકો પણ ઘટનાસ્થળ પર દોડી આવ્યા હતા.. ડીસા એ.પી.એમ.સી.ના સેક્રેટરીએ ઘટનાસ્થળે પહોંચી વેપારીઓ વચ્ચે સુલેહ કરવાનો પ્રયાસ કરી વેપારીઓને શાંત પાડ્યા હતા.

આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા લારી ધારકને ડીસાની



તંગ બની ગયું હતું ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકમાં ફરજ બજાવતા વિરમાંભાઈ નામના પોલીસ કોન્સટેબલને માર્કેટ યાર્ડમાથી હટી જવાની નોબત આવી હતી.. પરંતુ ટોળાંએ તેમનો પીછો ના છોડતા લાયન્સ હૉલ નજીક પહોંચેલા વિરમાંભાઈને પણ સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે તો બીજી તરફ પોલીસ પર હુમલો કરનારા શખ્સો સામે પણ પોલીસે કાર્યવાહી હાથ ધરી શકમંદ તરીકે બે વ્યક્તિની પૂછપરછ હાથ ધરી છે.બપોર સુધી ચાલેલી આ તકરાર બપોર બાદ શાંત પડી હતી.

## ધાનેરા તાલુકાના એડાલ ગામની પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન

ધાનેરા તાલુકાના એડાલ ગામની પ્રાથમિક શાળામાં ધાનેરા યુવા પત્રકાર એશોશીયેશન અને રમેશભાઈ ઠક્કર દ્વારા રાષ્ટ્રીય કલબના પૂર્વ પ્રમુખ રમેશભાઈ ડી. ઠક્કર દ્વારા ધાનેરા તાલુકાના એડાલ ગામની પ્રાથમિક શાળામાં ઉતરાયણ પર્વની ખૂબ જ ઉત્સાહ યુવા પત્રકાર એશોશીયેશન દ્વારા બોડરની શાળા પસંદ કરી શાળાના બાળકો સાથે ઉતરાયણ ની ઉજવણી કરતા બાળકો માં પણ ભારે



પતંગોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના તમામ બાળકોને પતંગ દોરી તેમજ નાસ્તો આપી તેમની સાથે ઉત્તરાયણના પર્વની ઉજવણી કરી હતી. તો બીજીતરફ શાળાના સંચાલકો ધ્વરા પણ પત્રકાર મિત્રો રમેશભાઈનો આભાર માન્યો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ધાનેરાના યુવા પત્રકાર એશોશીયેશન અને લાયન્સ સાથે ઉજવણી કરી હતી જેમાં શાળાના બાળકોને પતંગ દોરી તેમજ નાસ્તો આપી બાળકોને ઉતરાયણના પર્વ વિષેની માહિતી આપી હતી ધાનેરાના આજુ બાજુની શાળામાં અવનવા કાર્યક્રમો યોજાય છે અને વિવિધ તહેવારો પણ મનાવવામાં આવે છે પરંતુ છેક બોર્ડર પણ આવેલી શાળાઓમાં જવાનું લોકો પણ ટાળતા હોય છે ત્યારે ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને શાળાના સંચાલકો ધ્વરા આ કામગીરીને બિરદાવી હતી અને તમામનો આભાર પણ માન્યો હતો આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો ગ્રામજનો બીઆરસી ધાનેરાના ઈશ્વરભાઈ ગલચર રાકેશભાઈ મોદી નટવરભાઈ તથા આજુ બાજુની ગામની શાળાના આચર્યો પણ હાજરી આપી હતી અને અને આ કામગીરીને બિરદાવી હતી.

## પાલનપુરમાં અશોકગઢના ગ્રામજનો ધરણા

વડગામ તાલુકાના અશોકગઢ ગામના લોકોએ રસ્તા માટે અને અમીરગઢ તાલુકાના ખારી ગામના આદિવાસીઓ એ ફોરેસ્ટ વિભાગની કનડગત સામે વિરોધ વ્યક્ત કરતા પાલનપુર ખાતે ધરણાં યોજ્યા હતા.

અશોકગઢ ગામમાં જવા માટેનો રસ્તો ન હોઈ અનેક વાર તંત્રને રજૂઆત કરી હતી. પરંતુ આ સમસ્યાનો કોઈ નિકાલ ના આવતા અંતે ગામના લોકો કંટાળીને કલેકટર ઓફિસ બહાર ધરણાં પર બેસી ગયા હતા. જેઓએ જ્યાં સુધી આ સમસ્યાનો ઉકેલ નહીં આવે ત્યાર સુધી ધરણા ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી હતી.

જયારે બીજી તરફ અમીરગઢ તાલુકાના ખારી ગામના આદિવાસી સમાજના લોકો પણ પોતાની જમીન વનવિભાગ દ્વારા બિન કાયદેસર ખેડી નાખતા હોવાના આક્ષેપ સાથે કલેકટર કચેરી ખાતે ધરણાં પર બેસી ગયા હતા.ત્યારે બંને ગામ ના ગ્રામજનોએ વિવિધ મુદ્દે ધરણાં યોજી આગામી સમયમાં સરકાર અમારી સમસ્યાનો નિકાલ નહી લાવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## બનાસ મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા બેણપ ખાતે મફત સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

બનાસ ડેરી દ્વારા પ્રેરિત અને ગલબાભાઈ નાનજીભાઈ ટ્રસ્ટ દ્વારા સંચાલિત બનાસ મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ (પાલનપુર) દ્વારા આજે સુઈગામ તાલુકાના બેણપના સરસ્વતી વિદ્યાલય ખાતે નિશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. કેમ્પ અંતર્ગત મફત આંખ, બાળ રોગ, ચામડી, દાંત, હાડકા, સ્ત્રી રોગ, બી.પી., ડાયાબિટીસ, મેદસ્વિતાની તપાસ કરવાની સાથે સાથે સર્વ દર્દીઓને મફત દવાનું વિતરણ પણ કરવામાં આવેલ હતું. અહીં ૩૦૦થી વધુ લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પમાં ડૉ. અમિત વાઘેલા, ડૉ. ભૌમિક પટેલ, ડૉ. હીના દેસાઈ, ડૉ. નેહા પટેલ, ડૉ. સુનીતા દિનકર, ડૉ. સુરેશ ચૌધરી, ડૉ. ખુશ્બુ મોઢ, ડૉ. લકી પટેલની બનાસ મેડીકલની વિશાળ સેવાભાવી ટીમ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.